## સચિત્તનિક્ષેપ-પિધાન-પરવ્યપદેશ-માત્સર્ય-કાલાતિક્રમાઃ ૭-૩૧

**સૂત્રાર્થ:** સચિત્તનિક્ષેપ, સચિત્તપિધાન, પરવ્યપદેશ, માત્સર્ય અને કાલાતિક્રમ એ પાંચ અતિથિસંવિભાગ વ્રતના અતિચારો છે.

**ભાવાર્થ:** "અતિથિસંવિભાગ" વ્રતમાં કહ્યું છે કે જેમ દિવસે તિવિહાર અથવા ચઉવિહાર ઉપવાસ કરવા પૂર્વક પૌષધ કરીને પારણામાં બીજા દિવસે એકાસણું કરવું.
એકાસણું કરતા પહેલા કોઈપણ મુનિમહારાજ અથવા સાધ્વીજી મહારાજને ભાવપૂર્વક આમંત્રણ આપી, આહાર વહોરાવીને, તેઓ જે વહોરે તેજ આહાર કરવો. કોઈપણ એક-બે મુનિમહારાજ કે સાધ્વીજી મહારાજને વહોરાવ્યા બાદ બીજા મુનિમહારાજ કે સાધ્વીજી વહોરવા આવે અને વહોરાવવા લાયક વસ્તુ વધારે ન હોય અથવા પોતાને કે પોતાના પરિવારને વાપરવા જરૂરી જ હોય, તેના કારણે ન આપવાની બુદ્ધિથી ઉપર મુજબનો વ્યવહાર આ વ્રત કરે તો અતિચાર લાગે.

(૧) **સચિત્તનિક્ષેપ:-** વહોરાવવા લાયક ચા-દૂધ વગેરે સચિત્ત વસ્તુ ઉપર (ગેસ-ચૂલા ઉપર) મૂકી દેવા અથવા કાચા પાણી આદિ સચિત્ત વસ્તુના વાસણ ઉપર મૂકવા.

(૨) **સચિત્ત પિધાન:** વહોરાવવા લાયક ચા-દૂધ આદિ પદાર્થોના ભાજન ઉપર ઢાંકણું, કાચા પાણીનો ગ્લાસ અથવા સચિત્ત ફળ ફૂલોને તેને ઢાંકવા.

(૩) **પરવ્યપદેશ:** આપવા લાયક વસ્તુ પોતાની હોવા છતાં બીજાની છે એમ કહેવું. ઉપરાંત જે વસ્તુ બીજાની છે તે વસ્તુ આપી દેવાની ઇચ્છા હોવા છતાં તેના માલિકની રજા લીધા વિના પોતાની છે એમ કહીને આપીએ તો પણ અતિચાર લાગે.

(૪) માત્સર્ય:- ઈર્ષાથી આપવું. અભિમાનપુર્વક આપવું. અથવા બીજા કરતાં પોતાની અધિકતા બતાવવાના હેતુથી વસ્તુ આપવી.

(૫) કાલાતિક્રમ: આહાર વાપરવાનો કાળ વીતી ગયા પછી, અથવા ભિક્ષાકાળ થવા પહેલા મુનિઓને આમંત્રણ આપવા જવું.

બારમા વ્રતના આ પાંચે અતિચારોમાં વસ્તુ આપીને ભક્તિ કરે છે માટે વ્રતપાલન છે પરંતુ હૃદયમાં ન આપવાની વૃત્તિ છે માટે વ્રતભંગ છે. એમ આંશિક ભંગ હોવાથી અતિચાર કહેવાય છે.

જીવિત મરણ આશંસા મિત્રાનુરાગ સુખાનુબંધ નિદાન કરણાનિ - - - - ૭-૩૨

સૂત્રાર્થ: જીવિતાશંસા, મરણાશંસા, મિત્રાનુરાગ, સુખાનુબંધ, અને નિદાનકરણ એ પાંચ સંલેખના વ્રતના અતિચારો છે.

ભાવાર્થ: જરૂરિયાતોને ટુંકાવી તપ દ્વારા શરીરને ઉતારવું અને સમાધિ આદિ ગુણો વડે કષાયોને ઉતારવા (પાતળા કરવા) તે સંલેખના. આવું વ્રત લીધા પછી અજ્ઞાન અને મોહદશાના કારણે અનુપયોગદશાએ નીચેના ભાવો મનમાં આવી જાય તો તે અતિચાર કહેવાય છે. તે પાંચ અતિચારો નીચે પ્રમાણે છે.

(૧) <u>જીવિત આશંસા</u>: જીવવાની ઇચ્છા. પોતાની પ્રશંસા, પૂજા, માન, સન્માન જોઈ વિચારીને વધુ જીવવાની ઇચ્છા કરવી.

(૨) <u>મરણ આશંસા</u>: દુઃખ આવે મૃત્યુની ઇચ્છા કરવી. જેમકે શરીરહાનિ, ધનહાનિ, પરિવારની પ્રતિકૂળતા, માનસન્માનનો અભાવ, અપમાન વગેરે વિચારી મૃત્યુની ઇચ્છા રાખવી.

(૩) <u>મિત્રાનુરાગ</u>: અનુરાગ પૂર્વક મિત્રોનું સ્મરણ કરવું. ઉપલક્ષણથી પિતા-પુત્ર-પત્ની વગેરે સ્વજનો ઉપર મમતા કરવી.

(૪) <u>સુખાનુબંધ</u>: પૂર્વે અનુભવેલ સુખોની યાદ કરવી.

(૫) <u>નિદાનકરણ</u>: કરેલા તપ અને સંયમના ફળરૂપે પરલોકમાં હું સુખ સામગ્રી પામું. રાજા, ચક્રવર્તી, બળવાન, રૂપવાન બનું વગેરે સુખોની ઇચ્છા રાખવી.

ઉપરના પાંચ સંલેખના વ્રતના અતિચારો છે.

અનુગ્રહાર્થં સ્વસ્યાતિસર્ગો દાનમ્ --- ૭-૩૩

અનુગ્રહાર્થં સ્વસ્ય અતિસર્ગ: દાનમ્ --- ૭-૩૩

<u>સૂત્રાર્થ</u>: (સ્વ અને પરના) અનુગ્રહ (ઉપકાર) માટે પોતાની વસ્તુનો અતિસર્ગ (ત્યાગ) કરવો તે દાન.

<u>ભાવાર્થ</u>: સૂત્ર ૩૨ માં અતિથિ સંવિભાગ વ્રતના અતિચારોમાં સાધુ સંતોને આહારનું દાન કરવાનો પ્રસંગ આવ્યો છે તેથી અહીં દાનની વ્યાખ્યા સમજાવે છે.

પોતાના અને પરના એમ બંનેના ઉપકાર માટે પોતાની માલિકીની વસ્તુનો ત્યાગ કરવો તેને દાન કહેવાય છે. અતિસર્ગ એટલે ત્યાગ કરવો. અહીં દાનની વ્યાખ્યામાં સ્વસ્ય શબ્દ છે એટલે જે પોતાની માલિકીની વસ્તુ હોય તેનો ત્યાગ જ દાન કહેવાય છે.

અહીં ઉપકાર પણ સ્વનો અને પરનો એમ બંનેનો પારમાર્થિકપણે (પ્રધાનપણે) અને આનુષંગિકપણે (ગૌણપણે) એમ બંને પ્રકારનો હોય છે.

પારમાર્થિક ઉપકાર: આપણા આત્માની અને પરના આત્માની ગુણવત્તા વધે, દોષ ઘટે અને તે દ્વારા કર્મબંધ ઘટતો જાય, કર્મ નિર્જરા વધતી જાય અને સંવરભાવે ગુણસ્થાનકે ઉપર ચઢતા ચઢતા મુક્તિ પ્રાપ્ત થાય તે સ્વ અને પરનો પારમાર્થિક ઉપકાર કહેવાય છે.

આનુષંગિક ફળ: જેમ ખેતરમાં અનાજ ઉગાડવાના આશયથી કરાતી ખેતીમાં ઘાસ અનાયાસે ઊગે જ છે. તેજ રીતે ગુણવત્તા, કર્મનિર્જરા અને મુક્તિપ્રાપ્તિ માટે ફળ મેળવવાના આશયથી કરાતી ધર્મ ક્રિયા દ્વારા પુણ્યના ઉદયથી પ્રાપ્ત થતી સાંસારિક સુખની અનુકૂળતા એ આનુષંગિક ફળ છે.

અહીં દાન આપવાથી મળતા સ્વ અને પરના પારમાર્થિક ઉપકાર અને આનુષંગિક ઉપકાર કઈ રીતે હોય તે સમજવા પ્રયત્ન કરીશું.

દાનથી પારમાર્થિક ઉપકાર:

સાધુસંતોને આહારાદિનું દાન કરવાથી તેઓનો સંયમ સુખે સુખે પાળી કર્મનિર્જરા અને મુક્તિસુખ મેળવે તે પરનો પારમાર્થિક ઉપકાર.

દીન, દરિદ્ર અને દુઃખીને કરાયેલા દાનથી, તેમનું આર્ત-રૌદ્ર ધ્યાન ઘટે, તેથી કર્મબંધ ઓછો થાય તો દીન દુઃખીનો પારમાર્થિક ઉપકાર

દાન આપનારને ભક્તિનો ભાવ, દીન દુઃખીનું દુઃખ દૂર કરવાનો ભાવ, ધન ઉપરની મૂર્છા-મમતા ઓછી કરવાનો ભાવ અને સંતોષ, ઉદારતા આદિ ગુણોની પ્રાપ્તિનો ભાવ તે સ્વનો પારમાર્થિક ઉપકાર.

અનુબંધિત સ્વ-પરનો ઉપકાર: (દાન દ્વારા)

સાધુ સંતો આવા પ્રકારનું આહાર અને ઉપકરણોનું દાન મળવાથી, તત્ત્વ ચિંતન, પ્રવચન ઉપદેશ અને ધર્મક્રિયાઓ કરવારૂપ શુભ મન, વચન અને કાયાના શુભ યોગો દ્વારા જે સંચિત બાંધેલા પુણ્યથી આ ભવમાં અને પર ભવમાં અનુકૂળતાઓ પામે તે અનુબંધિત પરનો ઉપકાર.

દીન-દરિદ્રી લોકો દાન પામીને, આપનારની પ્રશંસા-અનુમોદના કરવા દ્વારા જે પુણ્ય બાંધે અને તેના ઉદયથી જે સુખસંપત્તિ પામે તે દીન દુઃખી લોકોનો અનુબંધિત ઉપકાર.

દાન આપતી વખતે પરના દુઃખને ભાંગવા રૂપ મનના શુભ ભાવ, વચનથી થતું સત્કારપૂર્વકનું દાન અને કાયાથી દાનાદિની ક્રિયા, એ શુભયોગોથી બાંધેલા પુણ્યબળથી સુખ-સંપત્તિ, તે સ્વનો અનુબંધિત ઉપકાર.

આ રીતે સ્વ-પરના પારમાર્થિક અને અનુબંધિત ઉપકાર માટે પોતાની માલિકીની વસ્તુના ત્યાગને દાન કહેવાય છે.

વિધિદ્રવ્યદાતૃપાત્રવિશેષાત્તદ્વિશેષઃ 7-34

વિધિ દ્રવ્ય દાતૃ પાત્ર વિશેષાત્ ચ તદ્ વિશેષઃ 7-34

સૂત્રાર્થ: વિધિ, દ્રવ્ય, દાતા અને દાન લેનાર પાત્રની વિશેષતાથી (તરતમતાથી) દાનધર્મમાં વિશેષતા આવે છે.

ભાવાર્થ: (૧) વિધિ (૨) દ્રવ્ય (૩) દાતા અને (૪) પાત્ર. એ ચારની વિશેષતાથી દાનધર્મમાં અને તેના ફળમાં તરતમતા હોય છે.

(૧) વિધિ વિશેષતા: આદરથી વિધિપૂર્વક દાન આપવું. જેટલી વધારે વિધિ સચવાય તેટલો દાનધર્મ અને તેનું ઊંચું પ્રાપ્ત થાય છે. જેટલી વિધિ ઓછી સચવાય તેટલો દાનધર્મ અને તેનું ફળ ઓછું પ્રાપ્ત થાય છે.

ક્ષેત્ર, કાળ, શ્રદ્ધા, સત્કાર, ક્રમ અને કલ્પનીય એમ છ પ્રકારની વિધિ છે.

ક્ષેત્ર: જે ક્ષેત્રમાં જે ચીજ વસ્તુ ઉપકારી હોય તે ક્ષેત્રમાં તે વસ્તુનું વધારે દાન કરવું.

કાળ: જે કાળે જે વસ્તુ ઉપકારી (લાભદાયી) હોય તે કાળે તે વસ્તુનું વધારે દાન કરવું.

શ્રદ્ધા: અતિ શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક દાન આપવું.

સત્કાર: હૃદયમાં અતિશય પૂજ્યભાવ રાખીને દાન કરવું.

ક્રમ: ચઢીયાતી વસ્તુનું પ્રથમ દાન કરવું. ત્યારબાદ ક્રમશઃ સામાન્ય વસ્તુઓનું દાન કરવું.

કલ્પનીય: દોષ રહિત શુદ્ધ આહારનું દાન કરવું

(2) દ્રવ્ય વિશુદ્ધતા: અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર વગેરે
શ્રેષ્ઠ દ્રવ્યોનું દાન કરવું જોઈએ.

(3) દાયક વિશુદ્ધતા: દાતા પ્રસન્નચિત્ત, આદર, હર્ષ
અને શુભાશય એ ચાર ગુણોથી યુક્ત હોવો જોઈએ.
અને દાતા વિષાદ, સંસાર સુખની ઈચ્છા, માયા અને
નિદાન એ ચાર દોષોથી રહિત હોવો જોઈએ.

(1) પ્રસન્નચિત્ત:- સાધુ ઘેર પધારે ત્યારે હું પુણ્યશાળી
છું તેથી તપસ્વીઓ મારા ઘેર પધાર્યા એમ વિચારે
અને પ્રસન્નતા અનુભવે.

(2) આદર: જ્યારે પણ મુનિ મહાત્મા પધારે ત્યારે
આવો પધારો આદિ સત્કાર આનંદની વૃદ્ધિ હોય.
લાભ આપો કહેતા થાકતો ન હોય.

(3) હર્ષ: સાધુ કોઈ વસ્તુ માંગે ત્યારે હર્ષ પામે;
વસ્તુનું દાન દેતાં પણ હર્ષ પામે, આપ્યા પછી પણ
અનુમોદના કરે.

(4) શુભાશય: પોતાના આત્માનો સંસારથી નિસ્તાર
કરવાના આશયથી દાન આપે અથવા કર્મ નિર્જરાની
બુદ્ધિથી દાન આપે.

ચાર દોષોનો અભાવ હોવો જોઈએ.

(1) વિષાદનો અભાવ: આપ્યા પછી મેં ક્યાં આપી દીધું?
તેવો પશ્ચાત્તાપ ન કરે પણ
વધારે અપાયું નહીં
મુનિના ઉપયોગમાં આવે એનો પોતાનું ભાગ્ય માને.

(૨) સંસાર સુખની વાંછાનો અભાવ: દાન આપીને તેના ફળ રૂપે પાંચપ્રકારના સંસાર સુખની વાંછા ન રાખે.

(૩) માયાનો અભાવ: દાન આપવામાં પાંચપ્રકારની માયા ન કરતા સરળ ભાવથી દાન કરે.

(૪) નિદાનનો અભાવ: દાનના ફળ રૂપે પરલોકમાં સ્વર્ગાદિ સુખની કોઈપણ અપેક્ષા ન રાખે.

(૫) પાત્ર વિશેષતા:

દાન લેનાર પાત્ર તીર્થંકર પરમાત્મા, ગણધર ભગવંતો, સામાન્ય કેવળી ભગવંતો, પૂર્વધરો તથા સંસારના ત્યાગી મહાવ્રતધારી, સમ્યક્ત્વ વગેરે ગુણોથી યુક્ત એવા મુનિ મહાત્માઓ એ સર્વે સર્વશ્રેષ્ઠ પાત્ર અવિરત સુપાત્ર ગણાય.

મિથ્યાત્વી અને દીન દુઃખી જીવો અનુકંપા (અનુકંપાનું પાત્ર) કહેવાય.

આ પ્રમાણે દાન લેનાર પાત્ર જેટલું ઊંચું તેટલું દાન આપનારનું મન વધુને વધુ ભાવોલ્લાસવાળું બને માટે તે દાન શ્રેષ્ઠ ઉત્તમ ગણાય છે.

અધ્યાય-૭ સંપૂર્ણ (સમાપ્ત)